શ્રી ઔદિચ્ય સહસ્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદનું
સંસ્કાર-સંગઠન-સમાજસેવાની સુવાસ પ્રસરાવતું દ્વિ-માસિક સામયિક

# સદ્દભાવ

રજી. નં. એ-૨૭૪૫
સંસ્કાર-સંગઠન-સમાજસેવા

વર્ષ – 43 જાન્યુઆરી – 2026 સળંગ અંક - 222



## વસંત પંચમીએ સરસ્વતી દેવીને પ્રણામ

## શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ અમદાવાદ સમસ્ત કારોબારી સમિતિ, ટ્રસ્ટી મંડળ, મહિલા મંડળ, યુવક મંડળ, સદ્ભાવ સંપાદક મંડળ - ૨૦૨૫ - ૨૬



પ્રમુખ અને ટ્રસ્ટીશ્રી
ધર્મેન્દ્રભાઈ વસંતભાઈ પંડિત



મે. ટ્રસ્ટીશ્રી
કિશોરભાઈ ફુલશંકર પંડિત



ટ્રસ્ટીશ્રી
ભાસ્કરભાઈ નાનાલાલ ભટ્ટ



ટ્રસ્ટી શ્રી અને મહિલા મંડળ ઉપપ્રમુખ
કુ. દક્ષાબેન મગનલાલ ત્રિવેદી



ટ્રસ્ટીશ્રી
હરેશભાઈ રવિશંકર જોષી



ઉપપ્રમુખ શ્રી
યોગેશભાઈ હિંમતલાલ રાજ્યગુરુ



ઉપપ્રમુખ શ્રી
દિપનભાઈ બાબુભાઈ વ્યાસ



મંત્રીશ્રી
દર્શનભાઈ અરવિંદભાઈ ત્રિવેદી



સહમંત્રી શ્રી
નિખિલભાઈ શાંતિલાલ વ્યાસ



સહમંત્રી શ્રી
મિહિર હિમાંશુભાઈ ભટ્ટ



સલાહકાર
શ્રી સુરેશભાઈ ત્રિભોવનભાઇ દવે



સલાહકાર
ડો. પ્રશાંતભાઈ ગણપતભાઇ આચાર્ય



કારોબારી સભ્ય
શ્રી નીતિનભાઈ ત્રિવેદી



કારોબારી સભ્ય
શ્રી મનીષભાઈ ત્રિપાઠી



કારોબારી સભ્ય
શ્રી મનોજભાઈ દવે



કારોબારી સભ્ય
શ્રી મુકુંદભાઈ દોલતરાય શુક્લ



કારોબારી સભ્ય
શ્રી પ્રફુલ્લભાઈ ભટ્ટ



કારોબારી સભ્ય
શ્રી ભાવિનભાઈ શૈલેષભાઈ ત્રિવેદી



કારોબારી સભ્ય
શ્રી દિનેશભાઈ અંબાલાલ ભટ્ટ

# શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ અમદાવાદ સમસ્ત
## કારોબારી સમિતિ, ટ્રસ્ટી મંડળ, યુવક મંડળ, સદ્ભાવ સંપાદક મંડળ- ૨૦૨૫- ૨૬


પ્રમુખ શ્રી
ઇલાબેન હરેશભાઈ જોશી


મંત્રી શ્રી
પ્રિતીબેન પ્રશાંતભાઈ આચાર્ય


સહમંત્રી શ્રી
મમતાબેન ધર્મેન્દ્રભાઈ પંડિત


ખજાનચી
નિજાબેન મનીષભાઈ ત્રિપાઠી


સદ્ભાવ તંત્રી અને કારોબારી સભ્ય
હિતાર્થીબેન ચેતનભાઈ વ્યાસ


સદ્ભાવ સહતંત્રી અને કારોબારી સભ્ય
મીતાબેન કેતનકુમાર મહેતા


કારોબારી સભ્ય
ભારતીબેન કિશોરભાઈ પંડિત


કારોબારી સભ્ય
મીનાબેન દર્શનભાઈ ત્રિવેદી


કારોબારી સભ્ય
ભાવનાબેન હિમાંશુભાઈ ભટ્ટ


યુવક મંડળ પ્રમુખશ્રી
પંકજભાઈ યોગેશભાઈ રાજ્યગુરુ


યુવક મંડળ ઉપપ્રમુખ શ્રી
હીરેનભાઈ દિનેશભાઈ ભટ્ટ


સભ્ય
વિશ્રામ પંડિત


સભ્ય
તનીશ દર્શનભાઈ ત્રિવેદી


સભ્ય
તપન પિયુષભાઈ રાજ્યગુરુ


સભ્ય
ધવલ કિશોરભાઈ વ્યાસ


સભ્ય
મિતુલ મનોજભાઈ દવે


સભ્ય
ધવલ મનોજભાઈ દવે


સભ્ય
કેયુર દવે


સભ્ય
મેહુલ તરુણકુમાર પંડ્યા

# નવચંડી યજ્ઞ



**શાખપુર મુકામે કુળદેવી શ્રી ખોડીયાર માતાના સાનિધ્યમાં સમસ્ત ગૌભીલ ત્રિવેદી પરિવાર દ્વારા નવચંડી યજ્ઞનું ઉત્સાહી વાતાવરણમાં ભવ્ય આયોજન**

તારીખ 28 12 2025 ને રવિવારના રોજ સમસ્ત ગૌભિલ ત્રિવેદી પરિવાર દ્વારા કુળદેવી શ્રી ખોડીયાર માતાના સાનિધ્યમાં ભવ્ય અઢારમાં નવચંડી યજ્ઞનું આયોજન જીરાવાળા શ્રી મિલનભાઈ ત્રિવેદીના મુખ્ય યજમાન પદે શાસ્ત્રી શ્રી હેમંતભાઈ લાઠી વાળા ના આચાર્ય સ્થાન સાથે અતિ ઉત્સાહ સાથે વિશાળ સંખ્યા ની હાજરીમાં કાર્યવાહી સમિતિ ના સભ્યોની વ્યવસ્થા તથા કુટુંબીજનોના સાથ સહકાર સાથે સુંદર આયોજન કરવામાં આવેલ આ આયોજનમાં સમસ્ત ગૌ ભીલ ત્રિવેદી પરિવારજનોએ ખૂબ આનંદ સાથે વિશાળ સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવેલ પરિવાર જનો દ્વારા કોઈપણ જાતના હોદ્દા વગરના સંગઠનથી કાર્યવાહી સમિતિ દ્વારા સતત 18 વર્ષથી આયોજન અત્યંત ઉત્સાહી વાતાવરણમાં કરવામાં આવે છે 2032 સુધીના યજ્ઞ માટે મુખ્ય યજમાન પદ નોંધાઈ ચૂકેલ છે સરસ મજાના પારદર્શક વહીવટ સાથે પરિવારજનો દરેક લોકો પોતાનો પ્રસંગ છે તેમ માની સતત કાર્યમાં મદદરૂપ થાય છે ઇષ્ટદેવ તથા માતાજીના આશીર્વાદથી આનંદપૂર્વક વાતાવરણમાં નિર્વિઘ્ન આવા સરસ આયોજન કુટુંબીજનોના સહકારથી જ શક્ય બને છે તો આ કાર્ય માટે સર્વે કુટુંબીજનોનો કાર્યવાહી સમિતિ હૃદય પૂર્વક આભાર માને છે

# સદ્ભાવ

વર્ષ – 43 સળંગ અંક -222 જાન્યઆરી-2026

## માલિક, મુદ્રક અને પ્રકાશક પત્રવ્યવહાર

શ્રી ઔદિચ્ય સહસ્ર ઝાલાવાડી સાડાચારો બ્રહ્મસમાજ, અમદાવાદ.

412, શાયોના આર્કેડ, દિનેશ ચેમ્બર સામે, શ્યામશિખર ચાર રસ્તા, બાપુનગર, અમદાવાદ-25 ફોન. - 999 8000 450

કાર્યાલય – સોમ, બુધ, અને શુક્ર સાંજે 6.00 થી 8.00

sadbhav84@gmail.com
@asz450brahmsamajahmedabad
@sadbhav450bs
https://asz450bsabd.in

તંત્રી
શ્રીમતી હીતાર્થીબેન ચેતનભાઈ વ્યાસ
સહતંત્રી
શ્રીમતી મીતાબેન કેતનભાઈ મહેતા
સંપાદક મંડળ
શ્રી હરેશભાઈ રવિશંકર જોષી
શ્રીમતી પ્રીતીબેન પ્રશાંતભાઈ આચાર્ય
શ્રી દર્શનભાઈ અરવિંદભાઈ ત્રિવેદી
માહિતી માટે મો. 999 8000 450

## રસથાળની સ્વાદિષ્ટ વાનગીઓ..

1. તંત્રી સ્થાનેથી
2. જ્ઞાતિ ગૌરવ
3. જ્ઞાતિનો ગૌરવવંતો ઈતિહાસ
4. જ્ઞાતિ સમાજને અપિલ
5. અસાધારણ સામાન્ય સભા
6. ક્રિકેટ કાર્નિવલ
7. શુભ સમાચાર
8. લગ્નચ્છુક (Bio-Data)
9. વર્લ્ડ રેકોર્ડ
10. દાન સરવણી
11. અવસાન નોધ

## સદભાવ આજીવન લવાજમ

સ્થાનિક – રૂ.1000/- વિદેશમાં રૂ.2500/-

## જાહેરાતના દર

ફોર કલર

| | | |
|---|---|---|
| | રૂ. 6000/- | સ્પોન્સરશીપ |
| | રૂ. 1500/- | કલર પેજ આખુ |
| | રૂ. 750/- | કલર પેજ અડધુ |
| B/W | રૂ. 1000/- | અંદરનું આખુ પેજ |
| B/W | રૂ. 500/- | અંદરનું અડધુ પેજ |

- સ્પોન્સરશીપ આપનારને ટાઈટલ-1 ઉપર તેમના કુળદેવીનો ફોટો તથા નામ વિગત તથા ટાઈટલ-2 ઉપર તેમના દ્વારા અપાતી મેટર આપી શકાશે.
  આ ઉપરાંત અંદરનું એક સાદુ ફૂલ પેજ મળશે.
- સદભાવમાં પ્રગટ થતા લેખ-જાહેરાતના સમાવેશનો નિર્ણય તંત્રી-સંપાદક મંડળને આધીન રહેશે.
- સદભાવમાં પ્રગટ થતા લેખ અને લેખક જવાબદાર છે. લેખમાં પ્રગટ થતા વિચારો કે લેખ સાથે સદભાવ સહમત હોય તે અનિવાર્ય નથી.

શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદના નામનો ચેક મોકલવો. કેશ ભરનારે સ્લીપ સંસ્થાને મોકલી આપવી,

| પંજાબ નેશનલ બેંક, બાપુનગર અમદાવાદ | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, બાપુનગર, અમદાવાદ |
|---|---|
| 2138000100044823 | 454802010590599 |
| **IFSC : PUNB0213800** | **IFSC : UBIN0545481** |

## તંત્રી સ્થાનેથી

**હિતાર્થિ ચેતન વ્યાસ**

# *" મા "*

## આત્મીય જ્ઞાતિ પરિવાર, આત્મીય વંદન,

દીકરા સાથે રહેવા મા હૃદયમાં હર્ષ રાખે છે. દીકરો બીમાર મા માટે અલગથી નર્સ રાખે છે. સ્હેજ અડતાંમાં જ દુઃખો સામટાં થઈ જાય છે ગાયબ, મા હથેળીમાં સતત જાદૂઈ એવો સ્પર્શ રાખે છે. આપી દે થોડાં પતિને, આપી દે સંતાનને થોડાં, મા સ્વયંને જીવવા તો એક પણ ક્યાં વર્ષ રાખે છે. ઠેસ બાળકને કદી ક્યાંયે ન વાગે એટલા માટે, મા સદા ચોખ્ખી જ ઘરની ને હૃદયની ફર્શ રાખે છે. મા તો ઈશ્વરથીય ઊંચો આગવો આદર્શ રાખે છે. ચોરખિસ્સામાં બધાંયે આંસુઓ સંતાડી રાખે છે, મા સતત પાંપણની પાછળ એક એવું પર્સ રાખે છે. " મા " આપણને લોક યાત્રા કરાવે છે બીજા લોકમાં થી આ લોકમાં જન્મ દઈ ને લાવે છે " મા " શબ્દ નથી શબ્દતીર્થ છે " મા " એ ભગવાન દ્વારા માનવજાત ને આપેલ એક શ્રેષ્ઠ ઉપહાર છે જેના પ્રેમમાં કયારેય પાખંડ ના નડે તેનું નામ " મા " જે રાહ જુએ છે તે " મા " હોય છે...

આ સાથે એક લધુકથા

## *સખી મા*

આ લો મમ્મી - આ ત્રણ હજાર તમારી પાસે રાખો નવી વહુએ નોકરી જતી વખતે સાસુને કહ્યું સાસુની આંખોમાં પાણી આવી ગયું સાસુએ કહ્યું બેટા આટલા બધા પૈસાનું મારે શું કરવું છે ?

મમ્મી - આખો દિવસ કેટલી બધી વસ્તુઓ માટે પૈસાની જરૂર પડતી હોય છે હું એક મહિનાથી જોઈ રહી છું શાકવાળો-ફળવાળો અને ક્યારેક કામવાળી પણ વધુ પૈસા માંગે છે તમારી પાસે આ રકમ ભલે રહી

અરે બેટા - તારા સસરાજીનું પેન્શન આવે છે ને એ હતા ત્યારે તેમની પાસે માંગતી હતી હવે સરકાર વગર માંગ્યે દર મહિને આપી દે છે સાસુએ હસીને કહ્યું

મમ્મી - તમે કિટી પાર્ટી જોઈન્ટ કરી લો તેમની સાથે ફિલ્મ-ભેલ પાર્ટી-નાટક વગેરે માણો તમારી જિંદગી જીવો તમારા દીકરાએ મને કહ્યું કે તમે કેટલી તકલીફ વેઠીને ઘર ચલાવ્યું છે મોટા ભાઈ અમેરીકા છે દીદી પોતાને સાસરે ખુશ છે હવે તમે નવું જીવન શરૂ કરો મને ખબર છે તમે અત્યાર સુધી તમારી બધી ઇચ્છાઓ મનમાં દાબી દાબીને જીવ્યા છો હવે તમે તમારા માટે જીવો, આટલી નાની ઉંમરમાં આવડી મોટી મોટી વાતો તને આ ઉંમરમાં કોણે શીખવી વ્હાલી દીકરી ? હું દસ બાર વર્ષની હોઈશ ત્યારે એક વાર મારા દાદી મારા ફોઈને ત્યાં જઈ રહ્યા હતા મારી મમ્મીએ છસ્સો રૂપિયા કાઢી તેમના હાથમાં મુક્યા અને બોલી બચ્ચાઓને બહાર ફરવા લઈ જજો નાની વતી એટલે કે તમારા તરફથી તેમને ખવડાવજો-પીવડાવજો તથા રમકડાં અપાવજો દાદી મમ્મીને ગળે વળગી રોઈ પડ્યા હતા તેમણે કહેલું આટલા પૈસા તેમણે ક્યારેય ખર્ચ કર્યા નહોતા એ દિવસ પછી મમ્મી અને દાદી ઘણી સારી સખીઓ બની ગઈ હવે મારો વારો છે તમારી સખી બનવાનો મને ખબર છે ઘર સંભાળવા તમારે તમારી નોકરી છોડવી પડી હતી કેટલું ખરાબ લાગ્યું હશે ત્યારે તમને કેટલી ઈચ્છાઓ તથા તમારી મહત્વકાંક્ષાઓનું ગળું દાબી દેવું પડયું હશે તમારે આ સિવાય દરેક નાની મોટી વાતે પતિ સામે હાથ લંબાવવો પડ્યો હશે તમારે તમારું પેન્શન તમારી પાસે જ જમા કરો મમ્મી મને ક્યારેક જરૂર પડી તો હું માંગીશ હવે તને ઓફીસ જવાનું મોડું થશે બેટા તું નીકળ મમ્મી મને બોલવા દો આ હું મારી ખુશી માટે કરી રહી છું મારી માએ કહ્યું હતું કે ૧૮ કલાક કામના ઢસરડા કરનાર મહિલાને કોઈ સમજતું નથી પણ તું તારી

સાસુમાનું ધ્યાન રાખજે પ્રેમ વાવીશ તો પ્રેમ પામીશ સાસુએ ભર્યા મનથી અને પ્રેમ ભર્યા હ્રદયથી વહુના ગાલે હાથ ફેરવ્યા અને પછી તે વહુ આંખો સામેથી ઓઝલ ન થઈ ત્યાં સુધી તેને જતી જોઈ રહ્યા તેમણે મનોમન કહ્યું મેં વિચાર્યું હતું

કે નોકરી કરતી વહુ ઘરમાં આવશે પછી હું ચાર દિવાલો વચ્ચે પુરાઈ જઈશ પણ તે તો મને બહારનું આકાશ દેખાડ્યું મારી વ્હાલી વહુ દીકરી બધી સાસુ અને વહુ વચ્ચે આવા સંબંધ પાંગરે તો ઘર એક સ્વર્ગ બની જાય....

*મેં મારી માં ની પાલવની*
*ગાંઠ જોઈ છે*
*માં એ મારી સફળતાની*
*મારાથી વધુ વાટ જોઈ છે...*
*પોતે ઈશ્વર થઈને*
*મંદિરો માં એ માનતા માંગે:*
*મેં માની એવી જાત જોઈ છે...!*

*હતો હું સુતો પારણે પુત્ર નાનો*
*રડું છેક તો રાખતું કોણ છાનો*
*મને દુ:ખિ દેખી દુ:ખિ કોણ થાતું*
*મહા હેતવાળી દયાળી જ 'માં' તું.*

🙏❤️🙏

## જ્ઞાતિ ગૌરવ



**શ્રીમતી ડિમ્પલબેન મનિષભાઈ વ્યાસ**

મૈત્રી વિદ્યાપીઠ માનવ મંદિર સુરેન્દ્રનગર સુવર્ણ જયંતિ પ્રસંગે શ્રેષ્ઠ ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે શ્રીમતી ડિમ્પલ મનીષ વ્યાસ ને 11, 111, શાલ અને સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા.

**જ્ઞાતિ સમાજ તરફથી ડિમ્પલબેનને હાર્દીક અભિનંદન**

## આપણી સાડા ચારસો જ્ઞાતિનો ગૌરવવંતો ઇતિહાસ

આશરે ૭૦ - ૭૫ વર્ષ પહેલા ઔ.સ.ઝા.સાડાચારસો જ્ઞાતિ મંડળની સ્થાપના થઇ હતી અને ૧૯૮૦ સુધીના સમયમાં કલાગુરુ સ્વ. રવિશંકર રાવળ, સ્વ. પોપટલાલ વ્યાસ, સ્વ. લાભશંકર ત્રિવેદી, સ્વ. અમૃતલાલ ત્રિવેદી, સ્વ. કાંતિલાલ પંડ્યા, સ્વ. મોતીલાલ મહેતા, સ્વ. ત્રિભોવનદાસ દવે, સ્વ. ભાનુભાઇ રાવળ, સ્વ. ફુલશંકર પંડિત, સ્વ. પ્રિતમલાલ ભટ્ટ, કાંતિલાલ નર્મદાશંકર ત્રિવેદી, સ્વ. ચંદુલાલ જોષી વિ. વડીલોએ સંગઠન અને શૈક્ષણિક સહાયની પ્રવૃત્તિઓ માટે સેવા પ્રદાન કરી.

૧૯૮૦થી એ સમયના યુવાનોએ સ્વ. મોતીલાલ મહેતાના પ્રમુખ સ્થાને કાર્યભાર સંભાળ્યો હતો જેમાં શ્રી કાકુભાઇ ઉપાધ્યાય, શ્રી રવિન્દ્ર દવે, ભાસ્કર ભટ્ટ, શ્રી જયપ્રકાશ પંડ્યા, સ્વ. રતિલાલ મહેતા અને શ્રી કિશોર પંડિતે જવાબદારી સ્વીકારી હતી.

૧૯૮૨માં શ્રી કાકુભાઇ ઉપાધ્યાય, જયપ્રકાશ પંડ્યા અને કિશોર પંડિતે બંધારણની રચના કરી અને ચેરીટી કમિશ્નર પાસે શ્રી ઔ.સ.ઝા. સાડચારસો બ્રહમસમાજ અમદાવાદના નામે રજીસ્ટર કરાવા માટે શ્રી જયપ્રકાશ પંડ્યાએ મહત્વની જવાબદારી સંભાળી હતી જેના ફાઉન્ડર ટ્રસ્ટીઓ સ્વ. મોતીલાલ મહેતા, સ્વ. પ્રાણશંકર ત્રિવેદી, શ્રી ત્રિભોવનદાસ દવે, શ્રી કાકુભાઇ ઉપાધ્યાય અને શ્રી કિશોર પંડિત હતા.

સંસ્થામાં ૧૯૮૦થી પ્રમુખ સ્થાન સ્વ. મોતીલાલ મહેતા (૨ વર્ષ), સ્વ. પોપટલાલ વ્યાસ (૧ વર્ષ), સ્વ. ભાનુપ્રસાદ વ્યાસ (૧ વર્ષ), સ્વ. ભાનુશંકર રાવળ (૧ વર્ષ), સ્વ. હિંમતલાલ ભટ્ટ (૧૦ વર્ષ), સ્વ. ડો. આદિત્ય ઉપાધ્યાય (૧ વર્ષ), સ્વ. કનક ત્રિવેદી (૧ વર્ષ), શ્રી ભાસ્કરભાઇ ભટ્ટ (૧ વર્ષ), શ્રી કિશોર પંડિત (૨૫ વર્ષ) અને શ્રી મનિષભાઇ વ્યાસ (૩ વર્ષ) સંભાળેલ છે. શ્રી ધર્મેન્દ્રભાઇ પંડિત હાલમાં પ્રમુખ અને શ્રી કિશોર પંડિત મેનેજીંગ ટ્રસ્ટી છે.

૧૯૮૪માં શ્રી પ્રાણશંકર ત્રિવેદી અને શ્રી કાકુભાઇ ઉપાધ્યાયની પ્રેરણા મળતાં જ્ઞાતિના મુખપત્ર “સદભાવ” ની શરુઆત કરી હતી જેના પ્રથમ માનદ તંત્રી સ્વ. એચ. કે. આચાર્ય હતા અને એક વર્ષનો તમામ ખર્ચ શ્રી કાકુભાઇ ઉપાધ્યાયે આપ્યો હતો. ત્યારબાદ સ્વ. પ્રાણશંકર ત્રિવેદી, શ્રી કાકુભાઇ, શ્રી શંકરલાલ ત્રિવેદી, શ્રી જુગલકિશોરભાઇ વ્યાસ , સ્વ. જયંતિલાલ દવે, કુ દક્ષાબેન વ્યાસ, કુ. દક્ષાબેન ત્રિવેદી, શ્રી જયપ્રકાશ પંડ્યા અને શ્રીમતી ડીમ્પલબેન વ્યાસે માનદ તંત્રી તરીકે પ્રશંસનીય સેવા પ્રદાન કરી છે. શ્રીમતી હીતાર્થીબેન વ્યાસ હાલમાં સદભાવ તંત્રી છે.

સ્વ. મનસુખલાલ ત્રિવેદીના સહયોગથી પટેલ વાડી બાપુનગરમાં સમગ્ર જ્ઞાતિ માટે ભોજન સમારંભનું આયોજન કરવામાં આવેલ.

શ્રી પ્રદીપ કે ત્રિવેદીએ 2006 માં સુરતમાં પૂર આવ્યું ત્યારે સૌ પ્રથમ 500 રૂપિયા આપીને ભંડોળ એકઠુ કરવાની દરખાસ્ત કરી અને શ્રીકિશોર પંડિત, શ્રી જયપ્રકાશ પંડ્યા, સ્વ. મનસુખલાલ રાવલ અને શ્રી વીરભદ્રભાઈ ત્રિવેદી સુરતમાં વસતા જ્ઞાતિજનોની શુભેચ્છા મુલાકાત અને મદદ માટે કરવા સુરત ગયા હતા જે માટે શ્રી ભુપતભાઇ પંડિત પરિવાર તરફથી જરુરી સહકાર મળ્યો હતો.

હાલમાં શૈક્ષણિક અને વિધવા સહાય, ક્રિકેટ કાર્નિવલ, તેજસ્વી વિધાર્થીઓના સન્માન અને મનોરંજન કાર્યક્રમોનું નિયમિતપણે આયોજન કરવામાં આવે છે. ભૂતકાળમાં સમુહ યજ્ઞોપવીત, યુવક યુવતીઓનો પસંદગી મેળો, સમુહ રક્ષાબંધન અને સમુહ લઘુરુદ્ર તથા સમુહ સત્યનારાયણ કથા જેવા સફળ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ.

સંસ્થામાં વિવિધ ફંડ માટે અનુપ જલોટા નાઇટ, શ્રી મહેશભાઇ શાસ્ત્રીના વ્યાસાસને ૨ ભાગવત કથા, સમુહ ગાયત્રી યજ્ઞ, શિવ નૃત્યાંજલિ, સુંદરકાંડ, મુખ્તાર શાહ નાઇટ અને "સંગાથે સુખ શોધીએ" નાટકના આયોજન કરવામાં આવેલ. વિવિધ ફંડ એકત્રિત કરવામાં સ્વ. પ્રાણશંકર ત્રિવેદી, શ્રી ગુણવંતરાય આચાર્ય, કુ. દક્ષાબેન ત્રિવેદી, સ્વ. પ્રફુલ્લભાઇ દવે, સ્વ. પ્રફલભાઇ હરીલાલ દવે, શ્રી વિનુભાઈ ભટ્ટ, કિશોર પંડિત તથા ભાસ્કરભાઇ ભટ્ટ અને જયપ્રકાશ પંડ્યાએ જ્ઞાતિ પરિવારના ઘેર ઘેર ફરીને યોગદાન મેળવવા અવિરત પ્રયત્નો કર્યા હતા.

કાર્યક્રમોના આયોજન અને સફળતા માટે શ્રીકિશોર પંડિત, શ્રી જયપ્રકાશ પંડ્યા, સ્વ. જયવદન ત્રિવેદી, શ્રી હરેશભાઈ જોશી, સ્વ. મનસુખભાઈ રાવલ, શ્રી સતીષભાઈ વી દવે, સ્વ. શ્રી પ્રબોધકુમાર વી દવે, ડો. પ્રશાંતભાઇ તથા પ્રિતીબેન આચાર્ય, શ્રી શશાંકભાઇ તથા મંદાબેન ત્રિપાઠી, શ્રી નિખિલ વ્યાસ, સ્વ કનક ત્રિવેદી, શ્રી નિતિન ત્રિવેદી જેવા કાર્યકરોની મહેનત હતી.

શ્રી જયપ્રકાશ પંડ્યા, શ્રીમતી ડીમ્પલ વ્યાસ અને શ્રી ઉદયભાઇ વ્યાસે વર્ષો સુધી જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોનું સફળ સંચાલન અને એન્કરીંગ કર્યું.

ડો. પ્રશાંત આચાર્ય અને ડો. દીપ જોષીએ ૩ વખત ધો. ૧૦ અને ૧૨ ના વિધાર્થીઓ માટે કારકિર્દી આયોજનના સેમીનાર કર્યા હતા.

છેલ્લા ત્રણ વર્ષમાં આયોજિત તેજસ્વી વિધાર્થીઓના સન્માન કાર્યક્રમ અને મનોરંજન કાર્યક્રમોમાં શ્રી મનિષભાઇ વ્યાસ, શ્રીમતી ડીમ્પલ વ્યાસ, ઉપેનભાઇ વ્યાસ, શ્રીમતી શીતલ વ્યાસ, શ્રી ઉદયભાઇ વ્યાસ, શ્રી કિસનભાઇ મહેતા, શ્રી અર્જુનભાઇ જોશી, શ્રી પ્રતિક દવે, શ્રી હરેશભાઇ જોશી અને યુવા કાર્યકરોએ અભૂતપૂર્વ આયોજન કરી વિશેષ સફળતા મેળવી. શશાંકભાઈ અને મંદાબેન્ ફોટો અને વીડિયોગ્રાફી માટે સહયોગ આપ્યો.

સૌથી મહત્વપૂર્ણ સહકાર અને યોગદાન માટે વિવિધ પ્રસંગે આર્થિક યોગદાન સ્વ. હર્ષદરાય વ્યાસ પરિવાર ( શ્રી રાજુભાઈ અને સંજુભાઇ વ્યાસ) તરફથી ૩ લાખ ઉચ્ચ કેળવણી ફંડ માટે, કુ. દક્ષાબેન ત્રિવેદી તરફથી ૩ લાખ દેવમગન શ્રાવણી ફંડ માટે, કુ. દક્ષાબેન ત્રિવેદી અને શ્રી કિશોર પંડિત તરફથી ૪ લાખ અને શ્રી ગુણવંતરાય આચાર્ય ૧ લાખ શાંતાબા રુક્ષમણીબા ભાગિરથી ફંડ માટે, ૨.૫ લાખ શ્રીમતી માલતીબેન પંડ્યા (અમેરિકા) તરફથી પ્રથમ ભાગવત કથા મુખ્ય યજમાન પદ માટે, શ્રીમતી પ્રતિભા વ્યાસ અને સ્વ. દેવેન્દ્ર મહેતાના સહયોગથી ૨ લાખ શૈક્ષણિક તથા વિધવા સહાય માટે અને શ્રી રતીલાલ ત્રિવેદીના સહયોગથી ૧ લાખ વાડી ફંડ માટે, સ્વ.મુગટભાઇ ત્રિવેદી તરફથી ૧ લાખ તથા શ્રી સુખદેવભાઇ વ્યાસ (અમેરિકા) તરફથી શૈક્ષણિક સહાય માટે ૧.૨૫ તથા શ્રી ઉપેન્દ્રભાઇ ત્રિપાઠી તરફથી જ્ઞાતિ કાર્યાલય માટે ૧.૨૫ લાખનું દાન આપવા માટે આભાર માનવામાં આવે છે. સ્વ. શ્રી અશોકભાઈ બી વ્યાસ, ડો. આદિત્ય ઉપાધ્યાય, ડો. કિરીટભાઈ આચાર્ય,સ્વ. શ્રી પીનાકીનભાઈ વ્યાસ જરુરી સહકાર મળ્યો હતો. સ્વ. પ્રફલભાઇ હરીલાલ દવે (ઉપપ્રમુખ અને ટ્રસ્ટી)નો સાથ સહકાર, આર્થિક યોગદાન હંમેશા યાદ રહેશે.

શ્રી ગુણવંતરાય આચાર્ય, શ્રી નિશિત જોશી, શ્રી રાજીવભાઇ તથા સંજીવભાઇ વ્યાસ, શ્રી ભરતભાઇ અને અનિલભાઈ પંડ્યા, શ્રી કિશોર પંડિત, શ્રી ધર્મેન્દ્રભાઇ પંડિત, શ્રી ભાસ્કરભાઇ ભટ્ટ, કુ. દક્ષાબેન ત્રિવેદી, શ્રી રવિન્દ્રભાઇ દવે, શ્રી નિતીન ત્રિવેદી, શ્રી દિપન વ્યાસ, શ્રી પંકજભાઇ ત્રિવેદી  સુરેશભાઇ દવે તથા શ્રી વિનુભાઈ ભટ્ટ તરફથી ક્રિકેટ કાર્નિવલ તથા અન્ય પ્રોગ્રામો માટે યોગદાન મળેલ છે.

શ્રી વસંતભાઇ પંડિતએ સુચન કર્યું કે દરેક જ્ઞાતિજન ઓછામાં ઓછા રુ. ૩૬૫ નું યોગદાન પ્રતિ વર્ષ આપે અને તેમણે તુર્તજ ૧૦ વર્ષના રુ. ૩,૬૫૦ નોંધાવી પણ દીધા. એ પછી ઘણું યોગદાન મળતું રહ્યું છે. આ સૌ દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

સંસ્થાની પ્રગતિ અને આર્થિક વિકાસ માટે જ્ઞાતિના નાના મોટા અસંખ્ય કાર્યકરો અને સમગ્ર જ્ઞાતિએ યથા યોગ્ય સાથ સહકાર આપ્યો છે.  સ્વ. ડો. ભરતભાઈ પંડ્યા, સ્વ. શ્રી જયંતિભાઈ જોષી, સ્વ. શ્રી ઉત્તમભાઈ ત્રિવેદી, સ્વ. શ્રી ભિખુભાઈ વ્યાસ, શ્રી. રાજુભાઈ ભટ્ટ, સ્વ. શ્રી ગણપતરામ આચાર્ય, શ્રી પરેશ એન. ત્રિવેદી (મંત્રી), શ્રી કિરીટ કે. ત્રિવેદી, મેહુલ જી. જોષી, સ્વ. આશિષ જે. પંડ્યા, સ્વ. શ્રી કિરીટ એફ. પંડિત, જીગ્નેશ જે પંડ્યા, સ્વ.જીતેન્દ્ર ટી દવે, પ્રકાશ એસ દવે, સ્વ  મૂકેશ ડી દવે, શ્રી નિકેત એમ દવે, શ્રી શરદભાઈ જે. પંડ્યા, સ્વ. શ્રી હેમંતભાઈ જે. જોષી, શ્રી કિશોરભાઈ આર. વ્યાસ, શ્રી પરેશ આર. વ્યાસ, સ્વ. જયસુખભાઈ મહેતા, સ્વ. ફૂલશંકર પંડિત (જેઓ બાપુનગર, ઈન્ડિયા કોલોનીમાં "સદ્ભાવ" વિતરણ કરવા જતાં), શ્રી માર્કંડરાય બધેકાએ રસોડામાં સેવા આપેલ,. શ્રી આશિષ આચાર્ય, શ્રી ભરતભાઈ આર મહેતા, શ્રી ભાવેશ એલ દવે જ્ઞાતિના નાના મોટા અસંખ્ય કાર્યકરો અને સમગ્ર જ્ઞાતિએ યથા યોગ્ય સાથ સહકાર આપ્યો છે.

મહીલા મંડળ માટે શ્રીમતી ભારતીબેન ઉપાધ્યાય, કુ. દક્ષાબેન ત્રિવેદી, શ્રીમતી પ્રિતીબેન આચાર્ય, શ્રીમતી ઇલાબેન જોશી, શ્રીમતી ચૌલાબેન ભટ્ટ, શ્રીમતી ડીમ્પલબેન વ્યાસ, શ્રીમતી ભારતીબેન પંડિત, શ્રીમતી જયોતિબેન દવે, શ્રીમતી નિજા ત્રિપાઠી, શ્રીમતી મમતાબેન પંડિત, શ્રીમતી હીતાર્થીબેન વ્યાસ, શ્રીમતી સોનીયા વ્યાસ, શ્રીમતી દિશા મહેતા, શ્રીમતી મીતાબેન મહેતા, શ્રીમતી મીનાબેન ત્રિવેદી વિ. સુંદર કાર્યવાહી કરેલ છે.

યુવક મંડળ માટે સ્વ. જીતેન્દ્ર પંડિત, શ્રી નિલેષ ત્રિવેદી, શ્રી ઉદય વ્યાસ, શ્રી પ્રતિક દવે, શ્રી કિસન મહેતા, શ્રી અર્જુન જોશી, શ્રી હિરેન ભટ્ટ, શ્રી પંકજ રાજ્યગુરુ, શ્રી મિહિર ભટ્ટ, શ્રી વરુણ વ્યાસ, શ્રી નિકેત દવેએ જ્ઞાતિના યુવાનોને ઉત્સાહિત કરવા માટે પ્રશંસનીય કાર્યવાહી કરેલ છે.

જ્ઞાતિ કાર્યાલય અને આવક જાવકના હીસાબો સંભાળવાની મહત્વ જવાબદારી સ્વ. મનસુખલાલ રાવલ, સ્વ. તરુણકુમાર પંડ્યા, શ્રી ઉદય વ્યાસ અને હાલમાં મિહિર ભટ્ટ સંભાળે છે.

શરુઆતથી આજદિન સુધી નાણાકીય વ્યવસ્થા, ભંડોળ એકત્ર કરવાની, વાર્ષીક હીસાબો અને ઓડીટની જવાબદારી શ્રી કિશોર પંડિતે સંભાળી છે. વર્ષો સુધી વિધવા અને શૈક્ષણિક સહાય, રમતોત્સવ અને અન્ય ખર્ચ કર્યા પછી પણ આજની તારીખે રાષ્ટ્રીયકૃત બેન્કોમાં સંસ્થાના નામે એક કરોડ ચાર લાખની ફીકસ ડીપોઝીટમાં રોકાણ કરવામાં આવેલ છે. (પંજાબ નેશનલ બેન્ક (૭૦ લાખ) અને યુનીયન બેન્ક ઓફ ઇન્ડિયામાં (૩૪ લાખ) મુકેલ છે).

**હાલમાં વિવિધ અંકિત ફંડ નીચે મુજબ છે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| જ્ઞાતી આજીવન લવાજમ | : | ૧.૨૦ લાખ | મહિલા મંડળ લવાજમ | : | ૦.૫૦ લાખ |
| યુવક મંડળ લવાજમ | : | ૦.૧૭ લાખ | સદભાવ લવાજમ | : | ૬.૦૦ લાખ |
| વાડી ફંડ | : | ૧૩.૪૨ લાખ | વિદ્યોતેજક ફંડ | : | ૧૭.૮૫ લાખ |
| શ્રાવણી ફંડ | : | ૯.૮૨ લાખ | વિધવા સહાય ફંડ | : | ૨૯.૫૦ લાખ |
| ઉચ્ચ કેળવણી ફંડ | : | ૧૬.૯૧ લાખ | રમતોત્સવ ફંડ | : | ૫.૯૦ લાખ |

સંસ્થાની પ્રગતિ અને આર્થિક વિકાસ માટે જ્ઞાતિના નાના મોટા અસંખ્ય કાર્યકરોએ યથા યોગ્ય સાથ સહકાર આપ્યો હશે જેમના નામોનો સમાવેશ કદાચ જાણ્યે અજાણ્યે કરી ના શકાયો હોય તો તેમની માફી માંગીએ છીએ અને જો કોઇ આ બાબત માહિતી આપશે તો આગામી અંકમાં તેમનો પણ આભાર માનવામાં આવશે.

# સમગ્ર જ્ઞાતિ સમાજને અપીલ

આપણી શ્રી ઔ.સ.ઝા.સાડાચારસો બ્રહ્મસમાજ અમદાવાદ જ્ઞાતિ સંસ્થા 70 વર્ષથી વધારે સમયથી અસ્તિત્વમાં છે.

1982થી ચેરીટી ટ્રસ્ટ તરીકે રજીસ્ટર કરાવ્યા પછી જે તે સમયના પ્રમુખ, ટ્રસ્ટીઓ અને હોદ્દેદારો તથા કારોબારી સભ્યોએ જ્ઞાતિ મંડળને સંગઠિત કરવા, શૈક્ષણિક તથા વિધવા સહાય આપવા, સાંસ્કૃતિક કાર્યક્રમો માટે અવિરત પ્રયત્નો કર્યા છે જેના ફળસ્વરુપે આર્થિક પ્રગતિ થઈ છે અને હાલમાં એક કરોડથી વધુની રકમો વિવિધ ફંડોમાં છે તે બેન્કમાં એફડી તરીકે છે.

સદભાવ જેવું પ્રતિષ્ઠિત મુખપત્ર 1982થી નિયમિત રીતે પ્રકાશિત થાય છે જેનો આ 222મો અંક છે. આટલા વર્ષોમાં જ્ઞાતિ ના પરિવારોના સંગઠન, ભાતૃભાવ વિકાસ અને આર્થિક સધ્ધરતા માટેના અસંખ્ય કાર્યક્રમો કરવામાં આવ્યા છે પરંતુ અન્ય જ્ઞાતીઓની સરખામણીમાં આપણું સંગઠન ઉણું ઉતરેલ છે જેના મુખ્ય કારણો આ છે...

1. જ્ઞાતિ કાર્યક્રમોમાં ખૂબ ઓછી હાજરી અને નિરસતા
2. મોટા ભાગના પરિવારોની કાયમી ગેરહાજરી
3. જ્ઞાતિ સમાજ માટે બહુ ઓછું આર્થિક યોગદાન
4. નાની મોટી જ્ઞાતિઓની વાડીઓ અને મિલ્કતો છે પરંતું આપણે અમદાવાદમાં વાડી બનાવી નથી શક્યા
5. વિદ્યાર્થીઓને શૈક્ષણિક માર્ગદર્શન માટે જ્ઞાતિના જ પીએચડી થયેલ વ્યક્તિઓ દ્વારા આયોજિત કાર્યક્રમોમમાં અલ્પ હાજરી અને નિરસતા.
6. આપણી નવી પેઢી શૈક્ષણિક, ધંધા કે વેપાર, અને રાજકિય કે સામાજિક ક્ષેત્રમાં નોધપાત્ર પ્રગતિ કરી શકી નથી.

આ સિવાય અન્ય કારણો પણ હશે.

અમારી સૌ જ્ઞાતિ પરિવારોને આપણા જ્ઞાતિ સંગઠનને વધુ મજબુત બનાવવા માટે નમ્ર વિનંતિ છે કે...

1. આપણી સંસ્થા દ્વારા આયોજિત બધા કાર્યક્રમોમાં ઉસ્તાહ પૂર્વક હાજરી આપો.
2. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જોડાવ અને હાજરી થી આપણી યુવાપેઢીને પ્રોત્સાહિત કરો.

3. રમોતોસ્તવમાં તમારા કુટુંબના યુવાનોને ભાગ લેવા કહો.

4. છેલ્લી -3 અને આવખતની ક્રિકેટ ટુર્નામેન્ટમાં ફક્ત 4 ટીમો એટલેકે 44 યુવાનોએ ભાગ લીધેલ છે. અમદાવાદ અને ગાંધીનગરમાં આપણા 350 જેટલા પરિવારમાંથી ફક્ત 44 યુવાનો ભાગ લે આશ્ચર્યજનક છે. વધારે ટીમ બને અને યુવતીઓ પણ જોડાય એવી અપેક્ષા અસ્થાને નથી.

5. પરિવારના બધા જ પુખ્ત ઉંમરના સભ્યો જ્ઞાતિના આજીવન સભ્ય બને અને યુવાનો યુવક મંડળમાં અને પરિવારમાંથી બહેનો મહિલા મંડળમાં જોડાય.

6. આપણા મુખપત્ર સદભાવના સૌ સભ્ય બને જેથી જ્ઞાતિ પ્રવૃતિઓ બાબત સૌને સમાચાર મળતા રહે.

7. તમારા શુભ/અશુભ પ્રસંગોની માહિતી આપો જેથી સદભાવમાં તે મુકી શકાય.

8. ખુશી ભેટ, વિધવા સહાય, શૈક્ષણિક સહાય તથા વાડીફંડમાં યોગદાન આપતા રહો.

   અમને આશા છે કે આ લેખ અને અમારી વિનંતી સૌ આવકારશે જેથી હવે પછીના કાર્યક્રમો 500થી વધારે કેપેસિટીના હોલમાં આયોજિત કરવા પડશે.

9. આપણા જ્ઞાતિ બંધુ દરેક ને ત્યાં લગ્ન પ્રસંગ હોય છે તો આ લગ્ન પ્રસંગમાં આપણે પહેરાણી કરીએ છીએ તો તે સમયે એક ફાળો જ્ઞાતિવાડી માટે રૂ.1000/- બ્રહ્મસમાજ માં આપવા માટે દરેક જ્ઞાતિ બંધુઓને અમારી વિનીંતી છે.તે બહાને આપણી જ્ઞાતિમાં ભંડોળ સારુ ઉભુ થાય.

10. અશુભ પ્રસંગમાં પણ દાન આપતા હોય છે તેમા પણ દાનપેટે બ્રહ્મસમાજ માટે ઓછામાં ઓછા રૂ.1000/- નું દાન આપવા વિનંતિ.

**જ્ઞાતિબંધુઓને મદદરૂપ થવા અમારી નમ્ર વિનંતી છે.**

## ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી 450 બ્રહ્મસમાજ, અમદાવાદની અસાધારણ સામાન્ય સભા

તા. 23 નવેમ્બર, 2025

સ્થળ – સોમનાથ મહાદેવ મંદિર, બાપુનગર

ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી 450 બ્રહ્મસમાજ દ્વારા, રવિવાર, તારીખ 23 નવેમ્બર,2025ના રોજ સોમનાથ મહાદેવ મંદિર હોલ, બાપુનગર ખાતે શ્રી પ્રશાંતભાઈ આચાર્યની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ અસાધારણ સભાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતુ.

સભાની શરૂઆત પવિત્ર અને ભક્તિમય વાતાવરણમાં કુ. ડો.તિથિ શૈલેન્દ્રભાઈ ત્રિવેદી દ્વારા સુંદરકાંડના પાઠથી કરવામાં આવી હતી. સુંદરકાંડની સમાપ્તિ બાદ, મેનેજીંગ ટ્રસ્ટીશ્રીએ સભાની કાર્યવાહી શરૂ કરતાં, સૌ પ્રથમ તારીખ 03.08.2025ના રોજ યોજાયેલ સાધરણ સભાની મિનિટ્સ વાંચી સંભળાવવામાં આવી અને તેને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.






સંસ્થાના માળખાકીય ફેરફારો અંગેના મુખ્ય ઠરાવોમા, તારીખ 03.08.2025ની સામાન્ય સભામાં નિમણૂક પામેલા હોદ્દેદારોના રાજીનામા સ્વીકારવામાં આવ્યા હતા. જેમણે પદ છોડ્યા છે તેમાં પ્રમુખ શ્રી મનિષભાઈ વ્યાસ, માજી મંત્રી શ્રી ઉદયભાઈ વ્યાસ અને મંત્રી શ્રી કિશનભાઈ મહેતા અને સહમંત્રી શ્રી અર્જુનભાઈ જોષીનો સમાવેશ થાય છે. આ પદોના રાજીનામા સભા દ્વારા સર્વસંમતિથી સ્વીકારવામાં આવ્યા હતા. સાથે જ પ્રમુખી શ્રી મનિષભાઈ વ્યાસ, માજી મંત્રી શ્રી ઉદયભાઈ વ્યાસ, મંત્રી શ્રી કિશનભાઈ મહેતા અને સહમંત્રી શ્રી અર્જુનભાઈ જોષીએ આપણી સંસ્થાને આપેલી અમૂલ્ય સેવા બદલ હૃદય પૂર્વક આભાર વ્યકત કરવામાં આવ્યો. સાથે જ પ્રમુખ તરીકે શ્રી મનીષભાઈએ અને સદભાવના તંત્રી તરીકે શ્રીમતી ડિમ્પલબેન વ્યાસે જે નિષ્ઠા અને સમર્પણ ભાવથી ઉત્કૃષ્ટ સેવાઓ આપી છે, તેની નોંધ લોવામા આવી.

આવશ્યકતાને ધ્યાનમા રાખીને, સંસ્થાના મુખપત્ર “સદભાવ”ના પ્રકાશન કાર્યને આગળ ધપાવવા માટે નવી નિમણૂકો જાહેર કરવામાં આવી છે. હવેથી “સદભાવના”ના નવા તંત્રી તરીકે શ્રીમતી હીતાર્થીબેન વ્યાસ તથા સહતંત્રી તરીકે શ્રીમતી મીતાબેન મહેતા સેવા આપશે.

વધુમાં, સંગઠનને મજબૂત કરવાના ઉદ્દેશથી, શ્રી મુકુન્દભાઈ શુક્લ અને શ્રી નિતિનભાઈ ત્રિવેદીના નામ કારોબારી સમિતિના સભ્ય તરીકે અને સલાહકાર તરીકે શ્રી પ્રશાંતભાઈ આચાર્ય અને શ્રી સુરેશભાઈ દવેને ઉમેરવાનો ઠરાવ પણ આ સભામાં પસાર કરવામાં આવ્યો હતો. સભામાં સંસ્થાના હિસાબોની પારદર્શિતા જાળવવા માટે હાલના એક્સટર્નલ ઓડિટરની નિમણૂક કરવામાં આવી છે.





## નવનિયુક્ત હોદ્દેદારો અનો કારોબારી સભ્યોની યાદી

સંસ્થાના સુચારુ સંચાલન અને વહીવટી માળખાને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે, આજરોજની સભામાં સર્વસંમતિથી નવા પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી, મહિલા મંડળ, યુવક મંડળ, અને કારોબારી સભ્યોની નિમણૂક કરવામાં આવી છે, જે નીચે મુજબ છે

હોદ્દેદારો અને કારોબારી સભ્યો

| | | | |
|---|---|---|---|
| **પ્રમુખ –** | શ્રી ધર્મેન્દ્રભાઈ પંડિત | **ઉપપ્રમુખ** | શ્રી દિપનભાઈ વ્યાસ |
| | | | શ્રી યોગેશભાઈ રાજ્યગુરુ |
| **સલાહકાર** | શ્રી પ્રશાંતભાઈ આચાર્ય | | |
| | શ્રી સુરેશભાઈ દવે | | |
| **મંત્રી** | શ્રી દર્શનભાઈ ત્રિવેદી | **સહમંત્રી** | શ્રી મિહિરભાઈ ભટ્ટ |
| | | | શ્રી નિખિલભાઈ વ્યાસ |

**કારોબારી સભ્ય**

| | |
|---|---|
| શ્રી મનોજભાઈ દવે | શ્રી પ્રફુલભાઈ ભટ્ટ |
| શ્રી ભાવિનભાઈ ત્રિવેદી | શ્રી મુકુંદભાઈ શુક્લ |
| શ્રી નીતિનભાઈ ત્રિવેદી | શ્રી દિનેશભાઈ ભટ્ટ |

નાણાકીય બાબતોની સમીક્ષા કરતાં સભાએ નોંધ લીધી કે તા. 23.11.2025ના રોજ યોજાયેલ સુંદરકાંડ પાઠના કાર્યક્રમ થકી સંસ્થાને તમામ ખર્ચાઓ બાદ કરતાં આશરે રૂ.53,000/- (ત્રેપન હજાર રૂપિયા)ની ચોખ્ખી આવક થઈ છે, જે સમાજ માટે એક સકારાત્મક સંકેત છે. આગામી વર્ષ 2025-26માં સંસ્થાના વિકાસ કાર્યોને વેગ આપવા અને નાણાભંડોળ એકઠું કરવા માટેના વિભિન્ન કાર્યક્રમો અંગે પ્રારંભિક ચર્ચા કરવામા આવી હતી. જે એફ.ડી. યુનિયન બેંકમાં પાકે છે એનું બંધારણ મુજબ સારું વળતર મળે એ રીતે રોકાણ કરવામાં આવશે. આ અંગેની સંપૂર્ણ કાર્યયોજના તૈયાર કરવા માટે આગામી કારોબાર મિટિંગમાં વિગતવાર ચર્ચા હાથ ધરવાનું નક્કી કરવામા આવ્યું હતું.

અંતે મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કિશોરભાઈ પંડિતે સભામાં હાજર રહેલા તમામ સભ્યોનો આભાર માન્યો હતો. તેમણે સુંદરકાંડના વક્તા કુ.ડો.તિથિ ત્રિવેદી, શ્રી મહેશભાઈ જોષી, શ્રી રીતેષ શુક્લ અને શ્રી દિપન વ્યાસનો, ભોજનના ઉદાર દાતા કુ. દક્ષાબેન ત્રિવેદીનો,  સોમનાથ મહાદેવ મંદિર હોલ તથા ભોજન વ્યવસ્થા માટે જહેમત ઉઠાવનાર શ્રી હરેશ જોષીનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. સભા સમાજની એકતા અને ઉદ્દેશો પ્રત્યે સહયોગની ભાવના સાથે સંપન્ન થઈ હતી.

અસાધારણ સભાના સમાપન બાદ, સમાજના સભ્યો માટે ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આશરે 200 જેટલા સભ્યો અને સ્વજનોએ ભોજન પ્રસાદ લીધો હતો. સમગ્ર ભોજન સમારંભના ઉદાર દાતા. કુ. દક્ષાબેન ત્રિવેદી હતા, જેમણે સમાજ પ્રત્યે પોતાનો સહયોગ ને ઉદારતા વ્યક્ત કરી હતી. આ ભોજન સમારંભ થકી, સભ્યોને એકબીજા સાથે સામાજિક સંબંધોને મજબૂત કરવાની તક મળી હતી.

આજના કાર્યક્રમનું સમાપન ખૂબ જ સંતોષકારક રહ્યું. સુંદરકાંડ પાઠ દ્વારા સૌએ શાંતિ અને આશીર્વાદનો અનુભવ કર્યો. ત્યાર બાદની મીટિંગમાં બધા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ અને સકારાત્મક નિષ્કર્ષ નીકળ્યો. અંતે, સૌએ સાથે બેસીને ભોજન લીધું, જેનાથી પરસ્પરના સંબંધો વધુ મજબૂત થયા.

# ક્રિકેટ કાર્નિવલ 2026

## મુખ્ય દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી નિશિતભાઈ ચંદુલાલ જોષી | 51000/- |
| શ્રી ભરતભાઈ અને અનિલભાઈ જ્યંતીભાઈ પંડ્યા | 51000/- |
| શ્રી રાજીવભાઈ અને સંજીવભાઈ નવીનચંદ્ર વ્યાસ | 25000/- |
| શ્રી ભાસ્કરભાઈ નાનાલાલ ભટ્ટ | 12500/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ વસંતભાઈ પંડિત | 11000/- |
| શ્રી કિશોરભાઈ કુલશંકર પડિત | 11000/- |
| શ્રી મનિષભાઈ રજનીકાંત ત્રિપાઠી | 11000/- |
| શ્રી રવિન્દ્રભાઈ શાંતિલાલ દવે | 11000/- |
| સ્વ.પ્રફુલ્લભાઈ હરીલાલ દવે પરિવાર (હસ્તે જીમી દવે) | 11000/- |
| શ્રી દિપનભાઈ બાબુલાલ વ્યાસ | 5000/- |
| કુ. દક્ષાબેન મગનલાલ ત્રિવેદી | 5000/- |
| શ્રી પંકજભાઈ જયકૃષ્ણ ત્રિવેદી | 5000/- |
| શ્રી સુરેશભાઈ ત્રિભોવનદાસ દવે | 5000/- |
| શ્રી નિતીનભાઈ ઈશ્વરભાઈ ત્રિવેદી | 5000/- |
| શ્રી હરેશભાઈ રવિશંકરભાઈ જોષી | 5000/- |








ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ દ્વારા આયોજીત "ભૂદેવ પ્રીમિયર લીગ (BPL)"ની ચોથી સીઝન તાજેતરમાં અત્યંત ભવ્ય અને હર્ષોલ્લાસ ભર્યા વાતાવરણમાં સંપન્ન થઈ હતી. આ ટુર્નામેન્ટમાં બ્રહ્મ સમાજની એકતાના દર્શન કરવાની ચારે ટીમો – સામવેદ, ઋગ્વેદ, અથર્વવેદ અને યજુર્વેદ – વચ્ચે ખરાખરીનો જંગ ખેલાયો હતો.

તારીખ 18 જાન્યુઆરી 2026 રવિવારની વહેલી સવારે 9.00 કલાકે સમાજના તમામ વડીલો, યુવાનો અને બાળકો એકત્રિત થયા હતા, જ્યાં સૌએ સાથે મળીને અલ્પાહારનો આનંદ લીધો હતો. આયોજનની શરૂઆત અત્યંત શિસ્તબદ્ધ રીતે કરવામાં આવી હતી, જેમાં મેદાન પર ઉપસ્થિત તમામ સભ્યો અને ખેલાડીઓએ રાષ્ટ્રભક્તિના ભાવ સાથે ગૌરવપૂર્વક રાષ્ટ્રગાન ગાયુ હતું. જેનાથી સમગ્ર વાતાવરણમાં એક નવી ઉર્જા સંચાર થયો હતો.



દિવસની પ્રથમ મેચ સામવેદ ને ઋગ્વેદ વચ્ચે 12 ઓવરની હતી. પ્રથમ બેટિંગ કરતા સામવેદ ટીમે 12 ઓવરમાં 144 રન 8 વિકેટ ગુમાવી બનાવ્યા હતા. જેના જવાબમાં ઋગ્વેદ ટીમે પોતાની 12 ઓવરમાં 88રન 7 વિકેટ ગુમાવીને બનાવતા સામવેદે  મેચ 56 રનથી જીતી હતી. આ મેચમાં સામવેદ ટીમે શાનદાર બેટિંગ અને બોલિંગનું પ્રદર્શન કરી વિજય હાંસલ કર્યો હતો. પ્રથમ મેચના અંતે ખેલાડીઓ અને સમાજના મહેમાનો માટે સ્વદિષ્ટ ભોજનની વ્યવસ્થા કરવામા આવી હતી.

આ સમય દરમિયાન જ મહિલા મંડળ દ્વારા ઉપસ્થિત બહેનો વિવિધ રમત-ગમતની સ્પર્ધાઓનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. મહિલાઓએ પણ ક્રિકેટના મેદાનની સમાંતર અન્ય રમતોમાં ઉત્સાહભેર ભાગ લઈને કાર્યક્રમની શોભા વધારી હતી, જે સાચા અર્થમાં સમાજના દરેક વર્ગના સહભાગીપણાને દર્શાવતું હતું.

બીજી મેચ અથર્વવેદ અને યજુર્વેદ વચ્ચે રમાઈ હતી. જેમા પ્રથમ બેટિંગ કરતા અથર્વવેદ ટીમે 12 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 91 રન બનાવ્યા હતા જેને યજુર્વેદ ટીમે 11.4ઓવરમાં 5 વિકેટે વિજયી બનીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ટુર્નામેન્ટના વિવિધ તબક્કે ખેલાડીઓના ઉત્સાહવર્ધન માટે તમામ સહભાગીઓને

મેડલ આપીને નવાજવામાં આવ્યા હતા. તેમજ "પ્લેયર ઓફ ધ મેચ" બનેલા ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું હતુ.

આ તકે સમાજની કમિટી દ્વારા ટુર્નામેન્ટમાં આર્થિક અને નૈતિક સહયોગ આપનાર તમામ દાતાઓ અને સમાજના આગેવાનોનું ફૂલનો બુકે આપીને બહુમાન કરવામાં આવ્યું હતું, જે સમાજ પ્રત્યેની તેમની નિષ્ઠાની પ્રતીતિ કરવાનું હતું.

ટુર્નામેન્ટનો સૌથી રોમાંચક તબક્કો એટલેકે ગ્રાન્ડ ફિનાલે સામવેદ અને યજુર્વેદ વચ્ચે 12 ઓવરની રમાઈ હતી. પ્રથમ બેટિંગ કરતા યજુર્વેદે 101 રન 8 વિકેટ ગુમાવીને બનાવ્યા હતા જેના જવાબમાં સામવેદે 11.1 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને પાર પાડ્યો હતો. બન્ને ટીમો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી, પરંતું અંતે સામવેદ ટીમના સામૂહિક પ્રયાસોના પરિણામે ચોથી સીઝનનું ચેમ્પિયન પદ હાંસલ કર્યું હતું. વિજેતા ટીમને ઝળહલતી ટ્રોફી અને રનર્સ-અપને મેડલ્સ અર્પણ કરવામાં આવ્યા, ત્યારે વિજયના નાદથી મેદાન ગુંજી ઉઠ્યું હતું.

ક્રિકેટ ટુર્નામેન્ટમાં

પ્રથમ મેચ: મેન ઑફ ધ મેચ: વિહાન ત્રિપાઠી

બીજી મેચ: મેન ઓફ ધ મેચ: ધ્રુવ ભટ્ટ

ત્રીજી મેચ: મેન ઓફ ધ મેચ: ઉત્પલ ભટ્ટ

મેન ઓફ ધ સિરીઝ: વિહાન ત્રિપાઠી

ટુર્નામેન્ડની બધી મેચોમાં મિહિર ભટ્ટ, નિરવ જોષી, અને મનોજ દવેએ કોમેન્ટ્રી આપી હતી.

સાંજ પડતા જ વિજયનો આ ઉત્સવ ગરબામાં પરિવર્તિત થયો હતો. જેમાં સમાજના નાના-મોટા સૌ કોઈએ ઢોલના તાલે ગરબાની રમઝટ બોલાવી હતી. દિવસના અંતિમ તબક્કે આકાશમાં ભવ્ય આતિશબાજી કરવામાં આવી હતી, જેણે રાત્રિના અંધકારને પ્રકાશથી ભરી દીધો હતો. કાર્યક્રમના સમાપન પ્રસંગે સમાજના તમામ લોકો માટે રાત્રિ ભોજન (ડિનર)ની વ્યવસ્થા કરવામાં આવી હતી. આખું આયોજન એટલું સુવ્યવસ્થિત અને ભવ્ય હતું કે સમાજના દરેક સભ્યો અત્યંત આનંદિત અને સંતુષ્ઠ જણાતા હતા. આ ટુર્નામેન્ટ માત્ર રમત-ગમત પૂરતી સીમિત ન રહેતા, સમાજની એકતા અને પરસ્પર પ્રેમમાં વધારો કરવનારું એક યાદગાર માધ્યમ બની રહી.

આ સમગ્ર આયોજન દરમિયાન સમાજના ભાઈ-બહેનો અને બાળકો મળીને અંદાજે 150થી વધુ લોકોની ગરિમાપૂર્ણ હાજરી જોવા મળી હતી. વિશેષ નોંધનીય બાબત એ હતી કે સવારના અલ્પાહારથી લઈને રાત્રિના ભોજન સુધી, બંને સમયે 150થી વધુ લોકોએ ભોજન લીધું હતું. જે સમાજની અતૂટ એકતા અને સમરસતાના દર્શન કરાવતું રહતું. આ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત જનમેદનીએ પૂરા ઉત્સાહ સાથે ખેલાડીઓનું મનોબળ વધાર્યું હતું અને કાર્યક્રમના અંત સુધી રોકાઈને આ ભવ્ય આયોજનને સફળ બનાવ્યું હતું.






સ્વાગત કરે છે.
ચંદુલાલ જોષી
ભરતભાઈ અને અનિલભાઈ
૫૧,૦૦૦/-
પંડયા
રાજીવભાઈ અને સંજીવભાઈ
૫૧,૦૦૦/-
વ્યાસ
૨૫,૦૦૦/-
ધર્મેન્દ્રભાઈ વસંતભાઈ પંડિત
૧૧,૦૦૦/-
કિશોરભાઈ ફુલશંકર
રજનીકાંત
શાંતિલાલ
હરીલાલ દવે







ATHARVAVED

















# ભગવદ્ ગીતાનો સંક્ષિપ્ત સારાંશ

કારણ વગર શા માટે ચિંતા કરો છો ?
કારણ વગર કોનાથી તમને ડર લાગે છે ?
કોણ તમને મારશે ?
આત્મા જન્મ લેતો નથી મૃત્યું પામતો નથી.

જે બન્યું છે તે સારા માટે બન્યું છે.
જે બની રહ્યું છે તે સારા માટે બની રહ્યું છે.
જે બનશે તે પણ સારા માટે બનશે.
ભૂતકાળ માટે તમારે કોઈ પસ્તાવો કરવાની જરૂર નથી.
ભવિષ્ય માટે તમારે ચિંતા કરવાની જરૂર નથી.
વર્તમાન ચાલી રહ્યો છે.....

તમે શું ગુમાવ્યું છે જેના માટે તમે રડો છો ?
તમે શું ઉત્પન્ન કર્યું છે જે લાગે છે કે નાશ પામ્યું છે ?
તમે તમારી સાથે કશું લાવ્યા નહોતા, તમારી પાસે જે છે તે અહિંયાથી જ પ્રાપ્ત થયું છે.
તમે જે આપ્યું છે તે પણ અહિંથી જ મેળવીને આપ્યું છે.
તમે જે લીધું છે તે ભગવાન પાસેથી લીધું છે.
તમે જે આપ્યું છે તે તેમને (ભગવાને) આપ્યું છે.

ખાલી હાથે તમે આવ્યા હતા
ખાલી હાથે તમે જવાના છો
આજે જે તમારૂં છે તે ગઈ કાલે બીજાનું હતું.
અને આવતી કાલ પછી તે બીજા કોઈનું હશે,
તમે ભૂલથી એમ માનીને સુખી છો કે એ તમારૂ છે.
આ ખોટું સુખ તમારા દુઃખનું કારણ છે.

પરિવર્તન એ દુનિયાનો નિયમ છે.
તમે જેને મૃત્યું માનો છો, તે ખરેખર જીવન છે
એક ક્ષણમાં તમે કરોડપતિ છો અને બીજી ક્ષણે તમે ગરીબીમાં ડુબો છો.
મગજમાંથી આ બધા વિજચારોનો ત્યાગ કરો.
એ પછી બધું તમારૂં છે અને તમે બધાના છો.

આ શરીર તમારૂં નથી અને તમે આ શરીરના નથી.
શરીર અગ્નિ, જળ, વાયુ, પૃથ્વી અને આકાશનું બનેલું છે.
અને આ જ તત્વોમાં તેનું વિસર્જન થશે
પરંતુ આત્મા અમર છે તો તમે કોણ છો ?

તમારી જાતને ઈશ્વરને સમર્પિત કરો.
છેવટે એના (ઈશ્વર) પર આધાર રાખવાનો છે.
જેમને ઈશ્વરના આધારની જાણકારી છે તે હંમેશા ડર, ચિંતા અને દુઃખથી વિમુક્ત છે.
તમે જે કરો તે ભગવાનને સમર્પિત કરવાની ભાવનાથી કરો.
આ ભાવના તમને ખૂબજ આનંદ અને જીવન-મુક્તિ આપશે.

# શુભ લગ્ન



||શ્રી શકટામ્બિકા માતાયે મન:|| ||શ્રી ગણેશાય નમ:|| ||શ્રી સુખનાથ મહાદેવ મન:||

## ||મંગલ પરિણય||

સહર્ષ જણાવવાનું કે, અમારા કુળદેવી શ્રી શકટામ્બિકા માતાજી તથા સુખનાથ મહાદેવની અસીમકૃપાથી અ.સૌ. વૈશાલીબેન તથા શ્રી ભૌમિકભાઈ રમણીકલાલ આચાર્યની સુપુત્રી

**ચિ. યાત્રી ના શુભલગ્ન ચિ. નેવીલ**

જામનગર નિવાસી અ.સૌ.બિંદુબેન તથા શ્રી અતીન્દ્રભાઈ ધનવંતરાય મહેતાના સુપુત્ર સાથે સંવત 2082ના માગસર સુદ-7ને ગુરૂવારે તા. 27.11.2025ના રોજ સંમ્પન્ન થયા.

**|| અણમોલ આર્શીર્વાદના અભિલાષી ||**


| | |
|---|---|
| સ્વ. જીવરામભાઈ નાગજીભાઈ આચાર્ય | સ્વ. મુક્તાબેન જીવરામભાઈ આચાર્ય |
| સ્વ. જયુસખલાલ જીવરામભાઈ આચાર્ય | ગં.સ્વ. ગુણવંતીબેન જયસુખલાલ આચાર્ય |
| સ્વ. રમણીકલાલ જીવરામભાઈ આચાર્ય | સ્વ. હંસાબેન  રમણીકલાલ આચાર્ય |
| શ્રી હર્ષદભાઈ જીવરામભાઈ આચાર્ય | અં.સૌ. વર્ષાબેન હર્ષદભાઈ આચાર્ય |
| શ્રી અતુલભાઈ જયસુખલાલ આચાર્ય | અં.સૌ. જાગૃતિબેન અતુલભાઈ આચાર્ય |
| સ્વ. પરાગભાઈ રમણીકલાલ આચાર્ય | ગં.સ્વ. શીતલબેન પરાગભાઈ આચાર્ય |
| શ્રી ભૌમિકભાઈ રમણીકલાલ આચાર્ય | અં.સૌ.વૈશાલીબેન ભૌમિકભાઈ આચાર્ય |

શ્રી રાજેશકુમાર જયસુખલાલ આચાર્ય

શ્રી તિર્થ પરાગભાઈ આચાર્ય, અં.સૌ.ઈસા શ્રીકુંજકુમાર રાજગોર

ચિ. વિપ્રા ભૌમિકભાઈ આચાર્ય

## શુભ લગ્ન



# ચિ.શિવમના શુભ લગ્ન ચિ.જીલ સાથે

શ્રી.મહેશભાઈ વસંતરાય પંડિત તથા અ.સૌ. શ્રીમતી. દિપાલીબેન મહેશભાઈ પંડિત ના સુપુત્ર ચિ. શિવમના શુભ લગ્ન ચિ.જીલ કે જે શ્રી. શૈલેષભાઈ વિનાયક ત્રિવેદી તથા શ્રીમતી. રીનાબેન શૈલેષભાઈ ત્રિવેદી ની સુપુત્રી સાથે તારીખ 25/01/2026 ના રવિવાર રોજ ભાવનગરમાં સંપન્ન થયેલ છે

## Personal details



| | | |
|---|---|---|
| Name | : | Vrajesh Rawal |
| Date of Birthe | : | 05/02/1998 |
| Place of Birth | : | Bhuj, Gujarat, India |
| Time of Birth | : | 02.00 PM |
| Rashi | : | Vrishabha (Taurus) |
| Nakshatra | : | Rohini |
| Complexion | : | medium |
| Hight | : | 5feet 5 Inches |
| Wait | : | 55 Kg |
| Gotra | : | Gautam |
| Type of Brahmin | : | Audhichya Sahastra 450 Brahmin |
| Native | : | Gundala |
| Japan visa Status | : | Work Visa |
| Bachelors | : | Bachelor of Arts in International Relations, Tokyo International University, Japan |
| Masters | : | Master of Arts International Co-operation and Development, Hiroshima University, Japan |
| Work | : | Professor, Hiroshima, University, Japan |

## Family Details

| | | |
|---|---|---|
| Father's Name | : | Jitendra Rawal (Mobile : 99798 90984) |
| Fater's Occupation | : | Retd. Banker (State Bank of India) |
| Mother's Name | : | Rekha Rawal (Mobile : 94261 63538) |
| Mother's Occupation | : | Housewife |
| Siblings | : | Single Child |
| Residential Address | : | B-101, Shakhambha tower, Opp. Sterling Hospital, Memnagar, Ahmedabad – 380052, Gujarat |

## Personal details



| | | |
|---|---|---|
| Name | : | Dhyey Vyas |
| Date of Birth | : | 09.02.2002 |
| Place of Birth | : | Ahmedabad |
| Hight | : | 5’11” |
| Weight | : | 80 Kg |
| EDUCATION | : | iMSCIT |
| Work Position | : | Data Analyst |
| Salary | : | 32,000/Month |
| Hobbies | : | Travelling, Playing Sports |

## Family Details

| | | |
|---|---|---|
| Father’s Name | : | Vastalbhai Rameshchandra Vyas |
| Father’s Occupation | : | Business [Vinar Jewelers] |
| Father’s Contact | : | +91 9426027926 |
| Mother’s Name | : | Linaben Vatsalbhai Vyas |
| Mother’s Contact | : | +91 9484573828 |
| Siblings | : | Vaidehi Maharshi Dave |
| Address | : | E-204, Vedant Shreeji Living Homes, Opp. Anuraj Bungalows, Near BR Park, Science city, Ahmedabad – 380 060, Gujarat |

## Maternal Information

Chandrakant A. Upadhyay







આપણાં બ્રાહ્મણ જ્ઞાતિ ના કુચ્ચછ ગૌત્ર ના માંડલીયા રાવલ પરિવારના કુળદેવી માં ખંભલાય મા છે. જેમનુ ખુબજ મોટુ ટ્રસ્ટ હાલ માંડલ મા કાર્યરત છે.

આ મંડળના ટ્રસ્ટીશ્રી દ્વારા કુલ 13 દિવસનો લક્ષચંડી મહા યશજ્ઞનૂં આયોજન કરેલ જેની  તા.24.12 2025 માં પૂર્ણાહુતિ થઈ.

આ સંસ્થા દ્વારા કરેલ આ મહા યજ્ઞમાં કુલ ત્રણ વર્લ્ડ રેકોર્ડ થયા. જે બાજુમા ફોટામાં દર્શાવેલ છે.1915 થી સતત ચાલતા નવચંડી મહા યજ્ઞ ચોવીસ કલાક અને 365 દિવસ સતત ચાલે છે.

આ સંસ્થા ના ટ્રસ્ટીગણ માં શ્રી રૂપેશભાઈ અશોકભાઈ રાવલ છે. જેમના તથા તમામ ટ્રસ્ટીગણ ની સખત મહેનતથી ઉપરોક્ત એવોર્ડસ તા. 23.12.2025 ના રોજ મળેલ છે.

આ અંગેનો ફોટોગ્રાફ પણ આ સાથે સામેલ છે. ઉપરોક્ત પ્રોગ્રામ સતત 12 દિવસ ઘણી ચેનલોના માધ્યમથી લાઈવ બતાવેલ.

# દાન સરવાણી

## શાંતાબા-રૂક્ષમણીબા ભગીરથી ફંડ

| | | |
|---|---|---|
| 500 | વત્સલભાઈ તરફથી સ્વ.અરુણકુમાર અનંતરાય રાવલ સ્મરણાર્થે | 9736 |
| 500 | પ્રવિણભાઈ આચાર્ય સ્વ. સુકન્યાબેનના સ્મર્ણાર્થે | 9863 |

## વાડી ફંડ

| | | |
|---|---|---|
| 25000 | વિનોદરાય અમૃતલાલ દવે સ્વ. હસાંબેન દવેના સ્મર્ણાર્થે | 9785 |
| 501 | મનીષભાઈ શૈલેષભાઈ ત્રિવેદી | 9825 |
| 365 | મંદાબેન શશાંકભાઈ ત્રિપાઠી | 9716 |

## સદભાવ જાહેરાત

| | | |
|---|---|---|
| 1500 | મેહુલભાઈ પંડ્યા | 9826 |
| 1500 | કિશોરભાઈ કુલશંકર પંડિત | 9865 |
| 1500 | ભૌમિકભાઈ આચાર્ય | 9851 |
| 1500 | આભૂષણ જ્વેલર્સ | 9856 |
| 750 | ધર્મેન્દ્રભાઈ પંડિત | 9839 |
| 750 | ઉમંગ જીતેન્દ્રભાઈ દવે | 9850 |
| 500 | નિખિલભાઈ વ્યાસ | 9846 |

## મહીલા મંડળ લવાજમ

| | | |
|---|---|---|
| 500 | રીનાબેન ભરતભાઈ પંડ્યા | 500 |
| 500 | હેતલબેન ઉત્પલભાઈ ભટ્ટ | 500 |

## ખુશી ભેટ

| | | |
|---|---|---|
| 1101 | વાસુદેવભાઈ મહેતા | 9712 |
| 500 | પુનિત પ્રશાંતભાઈ આચાર્ય | 9739 |
| 500 | પૂરવ પ્રશાંતભાઈ આચાર્ય | 9740 |

## વાર્ષિક સહયોગ

| | | |
|---|---|---|
| 1200 | પ્રશાંતભાઈ ગણપતભાઈ આચાર્ય | 9700 |

## ક્રિકેટ ટુર્નામેન્ટ

| | | |
|---|---|---|
| 500 | પાર્થ જોષી | 9786 |
| 500 | ધ્રુવ ભટ્ટ | 9787 |
| 500 | હર્ષ જોષી | 9788 |
| 500 | પ્રદીપકુમાર બળવંતભાઈ જોષી | 9789 |
| 500 | નિરવ કિરીટભાઈ જોષી | 9790 |
| 500 | મેહુલ કે રાવલ | 9791 |
| 500 | ધ્રુવ કિશોરભાઈ જોષી | 9792 |

| | | |
|---|---|---|
| 500 | મિહિર હિમાંશુભાઈ ભટ્ટ | 9793 |
| 500 | ઉત્પલ ભટ્ટ | 9794 |
| 500 | જીત વ્યાસ | 9796 |
| 500 | નિહાર ભટ્ટ | 9796 |
| 500 | જયમીન કૌશિકભાઈ દવે | 9797 |
| 500 | મિતલ મનોજભાઈ દવે | 9798 |
| 500 | ધવલ મનોજભાઈ દવે | 9799 |
| 500 | સંજય જી. રાવલ | 9800 |
| 500 | ચેતન વ્યાસ | 9801 |
| 500 | શિવાંગ જોષી | 9803 |
| 500 | હર્ષિલ કેતનકુમાર મહેતા | 9804 |
| 500 | ભૌમિક હરેશભાઈ રાવલ | 9805 |
| 500 | આશિષભાઈ તરુણભાઈ ત્રિવેદી | 9806 |
| 500 | નિકેત મુકેશભાઈ દવે | 9807 |
| 500 | મનોજ પી. દવે | 9809 |
| 500 | દર્શન ભરતકુમાર પંડ્યા | 9801 |
| 500 | બાલકૃષ્ણ પંડ્યા | 9812 |
| 500 | હિતેશ પંડિત | 9813 |
| 500 | મેહુલ ટી. પંડ્યા | 9808 |
| 500 | ચંદ્રશેખર હિમાંશુભાઈ ત્રિવેદી | 9814 |
| 500 | કબીર ત્રિવેદી | 9815 |
| 500 | મનિષ ત્રિપાઠી | 9816 |
| 500 | રાજુભાઈ ત્રિપાઠી | 9817 |
| 500 | વિહાન ત્રિપાઠી | 9818 |
| 500 | કિરણ દવે | 9819 |
| 500 | તપન પિયુષભાઈ રાજ્યગુરુ | 9820 |
| 500 | તનીશ ત્રિવેદી | 9822 |
| 500 | હર્ષ દવે | 9828 |
| 500 | નિખિલભાઈ વ્યાસ | 9830 |
| 500 | ચિરાગ રાવલ | 9831 |
| 500 | વીર ચિરાગભાઈ રાવલ | 9832 |
| 500 | દર્શનભાઈ ત્રિવેદી | 9833 |
| 500 | હેમાંગ ત્રિવેદી | 9834 |
| 500 | તનય ત્રિવેદી | 9847 |
| 500 | મહર્ષિ જોષી | 9848 |

| | | |
|---|---|---|
| 500 | ઉપમન્યુ ત્રિપાઠી | 9849 |
| 500 | હિરેન ભટ્ટ | 9857 |

## યુવકમંડળ લવાજમ

| | | |
|---|---|---|
| 250 | સંજ્ય જી. રાવલ | 9802 |
| 250 | દર્શન લાલશંકર પંડ્યા | 9811 |
| 250 | તપન પિયુષભાઈ રાજ્યગુરુ | 9821 |
| 250 | હર્ષ દવે | 9829 |
| 250 | કબીર ત્રિવેદી | 9873 |
| 250 | તનય ત્રિવેદી | 9873 |

## રમતોત્સવ ફંડ સહયોગ

| | | |
|---|---|---|
| 51000 | નિશિત જોષી | 9854 |
| 25000 | રાજીવભાઈ અને નવીનચંદ્ર વ્યાસ | 9855 |
| 11000 | કિશોરભાઈ પંડિત | 9836 |
| 11000 | ધર્મેન્દ્રભાઈ પંડિત | 9858 |
| 11000 | રવિન્દ્રભાઈ દવે | 9859 |
| 11000 | મનીષભાઈ અને ઉપમન્યુ ત્રિપાઠી | 9861 |
| 5001 | પંકજભાઈ ત્રિવેદી | 9876 |
| 5000 | દક્ષાબેન ત્રિવેદી | 9837 |
| 5000 | દિપનભાઈ વ્યાસ | 9848 |
| 3100 | સુરેશભાઈ દવે | 9842 |
| 2000 | મનોજભાઈ દવે | 9872 |
| 2000 | સુરેશભાઈ દવે | 9874 |
| 1501 | ભાસ્કરભાઈ ભટ્ટ | 9877 |
| 1100 | ભાવિનભાઈ ત્રિવેદી | 9784 |
| 1100 | પ્રશાંતભાઈ આચાર્ય | 9862 |
| 1100 | વિરભદ્ર ત્રિવેદી | 9866 |
| 1001 | ભાસ્કરભાઈ ભટ્ટ | 9852 |
| 1000 | યોગેશભાઈ રાજ્યગુરુ | 9844 |
| 1000 | શિરીષભાઈ ત્રિવેદી | 9860 |
| 501 | રામ ભરોસે | 9853 |
| 501 | કિરણભાઈ દવે | 9864 |
| 501 | કિશોરભાઈ રમણીકલાલ વ્યાસ | 9870 |
| 500 | બૃહદ અશોકકુમાર વ્યાસ | 9871 |
| 500 | મુકુંદભાઈ શુક્લ | 9840 |
| 500 | કેયુરભાઈ દવે | 9841 |
| 500 | પ્રફુલભાઈ ભટ્ટ | 9843 |
| 500 | આશુતોષ મુગટભાઈ ત્રિવેદી | 9867 |
| 500 | કેયુરભાઈ દવે | 9869 |

## સુંદરકાંડ સહયોગ

| | | |
|---|---|---|
| 5100 | કિશોરભાઈ ફૂલશંકર પંડિત (યજમાન) | 9701 |
| 5000 | ધર્મેન્દ્રભાઈ વસંતભાઈ પંડિત (યજમાન) | 9702 |
| 5000 | દિપનભાઈ બાબુભાઈ વ્યાસ (યજમાન) | 9703 |
| 5000 | ભાસ્કરભાઈ ભટ્ટ (યજમાન) | 9705 |
| 5000 | દક્ષાબેન ત્રિવેદી (યજમાન) | 9707 |
| 5000 | યશ જિતેન્દ્ર પંડિત (યજમાન) | 9714 |
| 5000 | ચેતનભાઈ વ્યાસ ઉપેનભાઈ વ્યાસ (યજમાન) | 9838 |
| 1500 | નયનભાઈ લાભશંકર રાજ્યગુરુ | 9725 |
| 1111 | જાનકીબેન ચંદ્રશેખર ત્રિવેદી | 9717 |
| 1111 | પંકજભાઈ રાજ્યગુરુ | 9723 |
| 1100 | રિતેશ શુક્લા - શ્રી ખીજડીયા હનુમાનજી મંદિર | 9722 |
| 1100 | વસંતરાય એલ પંડિત | 9749 |
| 1001 | ભાવિનભાઈ શૈલેષભાઈ ત્રિવેદી | 9732 |
| 1001 | મીતાબેન કેતનકુમાર મહેતા | 9738 |
| 1000 | સુરેશભાઈ દવે | 9728 |
| 1000 | વિમલભાઈ દવે | 9729 |
| 1000 | નીજા મનીષ ત્રિપાઠી | 9744 |
| 1000 | ડૉ. પલ્લવીબેન આદિત્યભાઈ ઉપાધ્યાય | 9777 |
| 510 | શારદાબેન શિવશંકરભાઈ જોષી | 9750 |
| 501 | અર્જુનભાઈ જોશી | 9718 |
| 501 | ઉદયભાઈ વ્યાસ | 9719 |
| 501 | કિશનભાઈ મહેતા | 9720 |
| 501 | દર્શનભાઈ પી. વ્યાસ | 9721 |
| 501 | ભાનુબેન કમલકાંત ત્રિવેદી | 9724 |
| 501 | ઉમેશભાઈ દવે | 9726 |
| 501 | હિતેશભાઈ જયસુખલાલ મહેતા | 9727 |
| 501 | પંકજભાઈ ત્રિવેદી | 9731 |
| 501 | મેહુલભાઈ તરુણકુમાર પંડ્યા | 9733 |
| 501 | પ્રદિપભાઈ શાંતિલાલ ત્રિવેદી | 9758 |
| 501 | નિલેશભાઈ શાંતિલાલ વ્યાસ | 9762 |
| 501 | મીત ગૌતમભાઈ પંડ્યા | 9765 |
| 500 | ચિરાગભાઈ રાવલ | 9730 |
| 500 | પાર્થ જયવદનભાઈ ત્રિવેદી | 9735 |
| 500 | પ્રશાંતભાઈ ગણપતભાઈ આચાર્ય | 9741 |

| | | |
|---|---|---|
| 500 | અભિષેક મુકુંદરાય શુક્લ | 9745 |
| 500 | પ્રવિણકુમાર નાનાલાલ ભટ્ટ | 9746 |
| 500 | પ્રફુલચંદ્ર નાનાલાલ ભટ્ટ | 9747 |
| 500 | મહેન્દ્રભાઈ ચીમનલાલ જોષી | 9751 |
| 500 | મનોજકુમાર પ્રવિણભાઈ દવે | 9752 |
| 500 | ભરતભાઈ રતિલાલ મહેતા | 9756 |
| 500 | જૈમિન પ્રફુલ્લભાઈ દવે | 9759 |
| 500 | કિશોરભાઈ હરિભાઈ દવે | 9760 |
| 500 | સ્વ. પ્રબોધભાઈ વી દવે | 9761 |
| 500 | આશુતોષ મુગટલાલ ત્રિવેદી | 9768 |
| 500 | દેવેન્દ્રભાઈ નરેન્દ્રભાઈ પંડ્યા | 9769 |
| 500 | નીતિનભાઈ ત્રિવેદી | 9770 |
| 500 | અજયભાઈ આર. જોષી | 9774 |
| 500 | હિતેશભાઈ આર. જોષી | 9775 |
| 500 | દિવ્યકાન્ત અમૃતભાઈ રાવલ | 9781 |
| 500 | જીતેન્દ્ર ત્રિભુવનદાસ દવે | 9782 |
| 251 | ભાર્ગવ પ્રમોદભાઈ દવે | 9763 |
| 251 | કિશોરભાઈ રમણીકલાલ વ્યાસ | 9766 |
| 251 | દિનેશચંદ્ર અંબાલાલ ભટ્ટ | 9779 |
| 251 | વિશ્વેશભાઈ રવિશંકર પંડ્યા | 9780 |
| 250 | મનીષભાઈ શૈલેષભાઈ ત્રિવેદી | 9734 |
| 250 | પુનિત પ્રશાંતભાઈ આચાર્ય | 9742 |
| 250 | પુરવ પ્રશાંતભાઈ આચાર્ય | 9743 |
| 250 | જનકભાઈ લાલશંકર દવે | 9753 |
| 250 | જીતેન્દ્રભાઈ લાભશંકર દવે | 9754 |
| 250 | નિલેશભાઈ મુગટલાલ ત્રિવેદી | 9778 |
| 201 | નરેન્દ્રકુમાર જયસુખલાલ મહેતા | 9748 |
| 201 | હસમુખભાઈ જયસુખલાલ મહેતા | 9757 |
| 201 | વિજયભાઈ બી. રાજ્યગુરુ | 9767 |
| 200 | પ્રથમ હિતેશભાઈ રાજ્યગુરુ | 9771 |
| 150 | મનહરભાઈ દવે | 9776 |
| 101 | વિપુલ શશીકાંત મહેતા | 9772 |
| 100 | ભાવેશભાઈ લાભશંકર દવે | 9755 |

# અવસાન નોંધ

1. સ્વ.નરહરીભાઈ (ભીખુભાઈ) નર્મદાશંકર જોષી, (ઉ.વ. 70 દામનગર)નુ તા. 01.11.2025ના રોજ અવસાન થયેલ છે.
2. સ્વ.પ્રજ્ઞાબેન બુદ્ધદેવભાઈ દવે (ઉ.વ. 45 ભાવનગર)નું તા. 01.11.2025ના રોજ અવસાન થયેલ છે.
3. સ્વ.પ્રજ્ઞાબેન દેવેન્દ્રભાઈ દ્વિવેદી (ભાવનગર) નું તા. 09.11.2025ના રોજ અવસાન થયેલ છે.
4. સ્વ.ઈન્દ્રવદનભાઈ પ્રભાશંકર જોષી (ઉ.વ.60, અમદાવાદ)નું તા.10.11.2025 ના રોજ અવસાન થયેલ છે.
5. સ્વ.ગુણવંતભાઈ શામજીભાઈ આચાર્ય (ઉ.વ. 90, લીલીયા મોટા)નું તા. 11.11.2025 ના રોજ અવસાન થયેલ છે.
6. સ્વ.મધુબેન જયદેવભાઈ રાવલ (ઉ.વ. 85 બોટાદ)નું તા. 13.11.2025)નું તા. 13.11.2025 ના રોજ અવસાન થયેલ છે.
7. સ્વ.સ્નેહલતાબેન રમણીકલાલ આચાર્યનું તા. 27.11.2025 ના રોજ અવસાન થયેલ છે.
8. સ્વ.શોભનાબેન સુરેશભાઈ વ્યાસ (વિરપુર)નું તા. 01.12.2025 ના રોજ અવસાન થયેલ છે.
9. સ્વ.સુકન્યાબેન પ્રવિણભાઈ આચાર્ય (ભાવનગર)નું તા. 04.12.2025 ના રોજ અવસાન થયેલ છે.
10. સ્વ.હર્ષદભાઈ રવિશંકર રાવલ (ભાવનગર)નું તા. 05.12.2025 ના રોજ અવસાન થયેલ છે.
11. સ્વ.હરબાળાબેન નાથાલાલ દવે (ઉ.વ. 83, રતનવાવ/ભાવનગર)નું તા. 06.12.2025 ના રોજ અવસાન થયેલ છે.
12. સ્વ.કુંદનબેન અમૃતલાલ દવે (ભાવનગર)નું તા 11.12.2025 ના રોજ અવસાન થયેલ છે.
13. સ્વ.શરદચંદ્ર શાંતીલાલ દેવી (ઉ.વ. 82, અમદાવાદ)નું તા. 12.12.2025 ના રોજ અવસાન થયેલ છે.
14. સ્વ.મયંકભાઈ રસીકલાલ વ્યાસ (ઉ.વ. 48, અમદાવાદ)નું તા. 22.12.2025 ના રોજ અવસાન થયેલ છે.
15. સ્વ.જનકરાય વ્રજલાલ વ્યાસ (ઉ.વ. 78, સિહોર)નું તા. 23.12.2025 ના રોજ અવસાન થયેલ છે.
16. સ્વ.સતીષભાઈ પોપટલાલ વ્યાસ (ઉ.વ. 28.12.2025)નું તા. 28.12.2025 ના રોજ અવસાન થયેલ છે.
17. સ્વ.સવિતાબેન જનકરાય પંડ્યા (ઉ.વ. 94, સિહોર)નું તા. 29.12.2025 ના રોજ અવસાન થયેલ છે.
18. સ્વ.સનતકુમાર પ્રતાપરાય મહેતા ( જેતપૂર)નું તા. 31.12.2025 ના રોજ અવસાન થયેલ છે.
19. સ્વ.વિમલાબેન નંદલાલ જોષી (મોટા લીલીયા)નું તા. 07.01.2026 ના રોજ અવસાન થયેલ છે.
20. સ્વ.રીટાબેન હર્ષદભાઈ જોષી (પીપળીયા)નું તા. 14.01.2026 ના રોજ અવસાન થયેલ છે.
21. સ્વ.મદુકાન્તાબેન લાભશંકર દવે (ગઢડા) તા. 18.01.2026ના રોજ અવસાન થયેલ છે.
22. સ્વ.દિપકભાઈ શિવલાલ ત્રિવેદી (વસો) તા. 21.01.2026 નારોજ અવસાન થયેલ છે.



નામ - દવે ભાર્ગવભાઈ જીતેન્દ્રભાઈ

ગામ - ગઢડા (સ્વામી)

મો - ૯૩૧૩૦૭૭૬૫૩

ગુજરાત સરકાર ના **GSSSB** દ્વારા લેવામાં આવેલ **CCE GROUP -A** ની પરીક્ષા પાસ કરી. **રેવન્યૂ ક્લાર્ક , કલેક્ટર ઓફિસ, (ભરૂચ)**ખાતે નિમણૂક મળવા બદલ ખૂબ ખૂબ અભિનંદન .

આશીર્વાદ

સ્વ . જીતેન્દ્રભાઈ માનશંકર દવે (પિતા)

માતા , વડીલો તથા સોમનાથ મહાદેવ ના આશીર્વાદ



"સમર્થ" પાર્થ ત્રિવેદી

સ્વ. શ્રી જયવદનભાઈ માનશંકર ત્રિવેદી (દાદા)

ગં. સ્વ. રમાબેન જયવદનભાઈ ત્રિવેદી (દાદી)

પાર્થ જયવદનભાઈ ત્રિવેદી (પપ્પા)

હિમાલી પાર્થ ત્રિવેદી (મમ્મી)

ધીમહી પાર્થ ત્રિવેદી

માધુરીબેન મિહિરકુમાર પંડ્યા (ફઈબા)

મિહિરકુમાર જે. પંડ્યા (ફુવા)

સ્તવ્ય મિહિરકુમાર પંડ્યા

શ્રી રાજેન્દ્રભાઈ વ્રજલાલ પંડ્યા (નાના)

શ્રીમતી પ્રવિણાબેન રાજેન્દ્રભાઈ પંડ્યા (નાની)

# શ્રદ્ધાંજલિ



**સ્વ. ઈન્દ્રવદનભાઈ પ્રભાશંકર જોષી**

**જન્મ તા. 01.10.1965, સ્વ. તા. 10.11.2025**


આ નીર છે ના ખપના, ચાતક ન ચાંચ બોળે,
ચાહક બનો પ્રભુ ના તો ભવ તરી જવાના.

આપની યાદ આવતા જ આંખની પાંપણો
ભીની થઈ જશે, હૃદયની ઉર્મીઓ છલકાઈ જશે
રોમ રોમ પુલકિત થઈ જશે.
હર હંમેશા આપના ઋણી રહીશું.
પ્રભુ આપના આત્માને શાંતિ-સદગતી આપે
એજ પ્રભુ પાસે પાર્થના ....

ગં.સ્વ. સોનલબેન ઈન્દ્રવદનભાઈ જોષી

| | |
|---|---|
| સ્વ. પ્રભાશંકર લક્ષ્મીશંકર જોષી | ગં.સ્વ. અનસુયાબેન પ્રભાશંકર જોષી |
| વિપુલભાઈ શશીકાંન્તભાઈ જોષી | જલ્પાબેન વિપુલભાઈ જોષી |
| મહેન્દ્રભાઈ પ્રભાશંકર જોષી | જયશ્રીબેન મહેન્દ્રભાઈ જોષી |
| નિલેષકુમાર વસંતરાય જોષી | હિરલ નિલેષકુમાર જોષી |
| યોગેશકુમાર પ્રભાશંકર જોષી | આરતીબેન યોગેશકુમાર જોષી |
| બ્રહ્મર્ષિ ઈન્દ્રવદન જોષી | પ્રિયંકા ઈન્દ્રવદન જોષી |
| મહર્ષી મહેન્દ્રકુમાર જોષી | ઓમ વિપુલભાઈ જોષી |
| સંસ્કૃતિ મહેન્દ્રકુમાર જોષી | પવિત્રા યોગેશકુમાર જોષી |

# શ્રધ્ધાંજલિ



**સ્વ. હરબાળાબેન નાથાલાલ દવે - ઉં.83 – સ્વર્ગવાસ તારીખ 06-12-2025**

(મૂળ રતનવાવ વાળા હાલ : ભાવનગર)

તમારા નામ આગળ (સ્વ.) લખવાનું કે વાંચવાનું ઘણું જ વસમું લાગે છે.

આપની હયાતી અમારી પ્રેરણા હતી. આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા. આપનું સાદગી ભર્યું જીવન ઉચ્ચ વિચારો માયાળુ સ્વભાવ અને લાગણીશીલતા અમો જીવનભર યાદ રાખીશું .

જન્મ અને મૃત્યુ પરમકૃપાળુ ઈશ્વરને આધીન છે, પરંતુ તમે જીવન દરમ્યાન કરેલ સત્કર્મ , બીજા માટે કાંઈક કરી છુટવું , ધર્મનિષ્ઠા,આતિથ્યભાવ ક્યારેય નહીં વિસરાય. તમારૂં જીવન એક ધૂપસળીની જેમ સુગંધ પ્રસરાવતુ રહ્યું. જેમાં તમારો સ્નેહ અને સેવાનો આવિર્ભાવ રહેલો છે.

તમારા સદગુણોને અનુસરીએ અને પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી અમારી હૃદયપૂર્વક ભાવભીની શ્રધ્ધાંજલિ .

મમતાબેન ધર્મેન્દ્રભાઈ પંડિત ( દિકરી)

વિશ્રમ ધર્મેન્દ્રભાઈ પંડિત( દોહિત્ર)



## ॥ શ્રદ્ધાંજલી ॥



# સ્વ. તરૂણકુમાર મણિશંકર પંડ્યા

**જન્મ તા. ૧૦/૦૬/૧૯૫૭, સ્વર્ગવાસ તા. ૨૫/૧૨/૨૦૨૩**

---

કર્મઠ, આધ્યાત્મિક અને ભક્તિભાવ સભર જીવન,
શાંત, સરળ અને પ્રેમાળ સ્વભાવ, ઉચ્ચ આદર્શો અને ઉત્તમ સંસ્કારો
આપનાર આપ અમારા સૌના હૃદયમાં સદાય જીવંત રહેશો.
આપના દિવ્યાત્માને અમારા સૌના કોટી કોટી પ્રણામ

---

ગં.સ્વ. પ્રજ્ઞાબેન તરૂણકુમાર પંડ્યા

| | |
|---|---|
| શ્રી ગૌતમભાઈ મણિશંકર પંડ્યા | અ.સૌ. ભારતીબેન ગૌતમભાઈ પંડ્યા |
| શ્રી જગદીશભાઈ મણિશંકર પંડ્યા | અ.સૌ. તૃપ્તિબેન જગદીશભાઈ પંડ્યા |
| શ્રી ભરતભાઈ મણિશંકર પંડ્યા | અ.સૌ. રીનાબેન ભરતભાઈ પંડ્યા |
| શ્રી મયંકભાઈ તરૂણકુમાર પંડ્યા | અ.સૌ. પૂજાબેન મયંકભાઈ પંડ્યા |

શ્રી મેહુલ તરૂણકુમાર પંડ્યા

| | |
|---|---|
| શ્રી સુમિત ગૌતમભાઈ પંડ્યા | અ.સૌ. નીતિ સુમિત પંડ્યા |
| શ્રી મિત ગૌતમભાઈ પંડ્યા | અ.સૌ .શિવાની મિત પંડ્યા |
| શ્રી કશ્યપ જગદીશભાઈ પંડ્યા | શ્રી દર્શન ભરતભાઈ પંડ્યા |

દ્વિજા, અથર્વ, યજ્ઞ, યશસ્વી, વિશ્વા

# ૨૦મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



## સ્વ. ફુલશંકર ઉમિયાશંકર પંડિત

**જન્મ તા. ૩૦-૮-૧૯૨૫** **દેહાવસાન : તા. ૧૯-૧-૨૦૦૬**

---

સરળ અને નિઃસ્વાર્થ સેવાભાવી જીવન, પ્રેમાળ સ્વભાવ, ઉચ્ચ આદર્શો
અને ઉત્તમ સંસ્કાર આપનાર આપના દિવ્ય આત્માને કોટિ કોટિ પ્રણામ...

---

સ્વ. શાંતાબેન ફુલશંકર પંડિત
સ્વ. કિરિટભાઈ ફુલશંકર પંડિત
સ્વ. મગનલાલ અંબાશંકર ત્રિવેદી પરિવાર
શ્રી કિરિટભાઈ અમૃતલાલ રાવલ પરિવાર
શ્રી ગિરીશભાઈ ઈન્દ્રશંકર પુરોહિત પરિવાર

કિશોરભાઈ ફુલશંકર પંડિત
મધુબેન અનંતરાય રાવલ
નિરવ કિશોરભાઈ પંડિત (USA)
જસ્મીન જીગ્નેશકુમાર રાવલ (USA)
કુ. કાવ્યા નિરવ પંડિત (USA)

ભારતીબેન કિશોરભાઈ પંડિત
સ્વ. ગીતાબેન પીનાકીન વ્યાસ
રીતીકા નિરવ પંડિત (USA)
કુ. પરી જીગ્નેશકુમાર રાવલ (USA)
નિલ જીગ્નેશકુમાર રાવલ (USA)

આયુષ નિરવ પંડિત (USA)




**Book Post**

રવાના –

શ્રી ઔ.સા.ઝા. સાડા ચારસો બ્રહ્મસામાજ

412 શાયોના આર્કેડ, ચોથો માળ,

દિનેસ ચેમ્બર સામે, ઈન્ડિયા કોલોની રોડ

બાપુનગર, અમદાવાદ - 380025